Kapadwanj Kelavani Mandal
SINCE 1940 KKM
शिक्षा • संस्कार • सेवा • सहयोग

સ્થાપના વર્ષ-૧૯૪૦
કપડવણજ કેળવણી મંડળનું
માસિક મુખપત્ર
(ફક્ત અંગત વિતરણ હેતુ)

# કપડવણજ કેળવણી મંડળ

Affordable education for everyone

# પ્રતિભા

વર્ષ : ૧ અંક : ૨ માસ : માર્ચ - ૨૦૧૯

## અનુક્રમ

**સમગ્ર સ્ટાફ સાથે સંવાદ**
- કપડવણજ કેળવણી મંડળની પ્રતિભાઓનું સન્માન
- નવા લોગો (Logo)નું અનાવરણ
- વિડીઓ દસ્તાવેજી ફિલ્મનું અનાવરણ
- 'પ્રતિભા' માસિક મુખપત્રનું વિમોચન
- આંતરિક ફરિયાદ સમિતિની ઓળખાણ

**વિચાર**
- શિક્ષકની ભૂમિકા અને જવાબદારીઓ

**સંસ્થાકીય પ્રવૃત્તિઓ**
- પૂર્વ પ્રાથમિક વિભાગ
- માધ્યમિક અને ઉચ્ચતર માધ્ય. વિભાગ
- કૉલેજ વિભાગ

**ઊભરતી પ્રતિભાઓ**
- વિદ્યાર્થીની સિદ્ધિ

**અન્ય પ્રવૃત્તિઓ**
- ઓ.સી.શેઠ કમ્પ્યુટર સેન્ટર
- સ્પોર્ટ્સ આઉટરીચ પ્રોગ્રામ
- સાયન્સ આઉટરીચ પ્રોજેક્ટ

**કાયદાકીય જવાબદારીઓ**
- બાળકોને લગતા કાયદાઓને લગતી તાલીમ

**નવી પહેલ**
- કપડવંજની સંસ્થાઓ એક મંચ પર

**સમર કેમ્પ**

**સંપાદક ટીમ**
શ્રી સોનલ ઐયર
શ્રી મયુરી શાહ

**માર્ગદર્શક**
શ્રી અનંતભાઈ શાહ
શ્રી નીલાબેન પંડ્યા

**પ્રકાશક**
કપડવણજ કેળવણી મંડળ
ડાકોર રોડ,
કપડવંજ - ૩૮૭૬૨૦
☎ ૦૨૬૯૧-૨૬૨૦૨૬

### ઉપપ્રમુખશ્રીની કલમે...



'કપડવણજ કેળવણી મંડળ' કપડવંજ ગામ, તાલુકા અને કપડવંજની પ્રજા સાથે કાર્યરત છે તેને ૭૮ વર્ષ થઈ ગયા. બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવાના હેતુ સાથે શરૂ થયેલ મંડળ અત્યારે શિક્ષણમાં રમત-ગમત, કલા અને સંસ્કૃતિ જેવી ઈતર પ્રવૃત્તિઓને જોડી તેના કાર્યનો વ્યાપ વધારી રહી છે. મંડળની ઉત્તરોત્તર પ્રગતિ માટે મંડળના પ્રમુખથી મંત્રી સુધી બધા જ હોદ્દેદારો ઊંડો રસ લઈ સતત સેવા આપી રહ્યા છે. આ મંડળ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ રીતે આપ સૌના સહકારથી કપડવંજ તાલુકાની પ્રગતિ માટે મંડળના પ્રયત્નો સતત ચાલુ રહેશે.

- પ્રદિપ તેલી

## સંવાદ - સમગ્ર સ્ટાફ સાથે

### કપડવણજ કેળવણી મંડળના સમગ્ર સ્ટાફની બેઠક



**(બેઠકની શરૂઆત જુથ રમતથી કરાવી રહેલ મંડળના સી.ઈ.ઓ. વિનય ઐયર)**

'કપડવણજ કેળવણી મંડળ'ની તમામ સંસ્થાઓના સ્ટાફ સાથે જોડાણ વધારવા, વિવિધ સ્તરે સંસ્થાના નામને રોશન કરનાર સ્ટાફની સિદ્ધિઓને સન્માનવા તેમજ ચાલી રહેલ કાર્યને વધારે સારું બનાવવા સમગ્ર સ્ટાફ તેમના સૂચનો આપી શકે તે માટે તા. ૨૩-૨-૨૦૧૯ના રોજ કોલેજના ઓડિટોરીયમમાં એક બેઠકનું આયોજન થયું હતું.

બેઠકની શરૂઆતમાં પુલવામાં શહીદ થયેલ દેશના જવાનો અને સંસ્થાના કર્મચારીઓના પરિવારમાંથી મૃત્યુ પામેલ દિવંગત આત્માઓને એક મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલી આપવામાં આવી અને રાષ્ટ્રગાનનું ગાન કરવામાં આવ્યું. તે પછી કાર્યક્રમ આગળ વધારવામાં આવ્યો. જેમાં આ મુજબ કાર્યક્રમો રહ્યાં :

## કપડવણજ કેળવણી મંડળની પ્રતિભાઓનું સન્માન :-

ગત વર્ષમાં મંડળની વિવિધ સંસ્થાઓ દ્વારા અલગ-અલગ સ્તરે સંસ્થાનું નામ રોશન કરી સિદ્ધિ મેળવનાર સ્ટાફને પ્રશસ્તિપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.



(મંડળના હોદ્દેદારો સાથે વિવિધ સ્તરે મંડળનું નામ રોશન કરનાર સ્ટાફ)

## કપડવણજ કેળવણી મંડળ - નવા લોગો (Logo)નું અનાવરણ :-

મંડળનો નવો લોગો (Logo)




(મંડળના નવા લોગોના મંડળમાં અનાવરણ પ્રસંગે સ્ટાફને ઉદ્દેશી વક્તવ્ય આપી રહેલ મંડળના પ્રમુખ ડૉ. હરિશ કુંડલીયા)

સંસ્થાનો લોગો એ સંસ્થાના મુખ્ય ઉદ્દેશોને દર્શાવતું હોય છે. નવા ‘લોગો’ દ્વારા સમય સાથે તાલ મિલાવવા વિશાળ જનસમુદાય સુધી પહોંચવાનું મંડળનું ઉદ્દેશ્ય છે. નવા ‘લોગો’ માં પ્રથમ અક્ષર હિન્દીનો ‘क’ છે. જે કોઈપણ ભાષામાં બાળક પ્રથમ મૂળાક્ષર શીખે છે, તેમજ ‘કપડવણજ કેળવણી મંડળ’નો પ્રથમ અક્ષર પણ ‘ક’ થી શરૂ થાય છે. તેની ઉપર રહેલ પાંચ બિંદુ વિવિધ ક્ષેત્રો - શિક્ષણ, આરોગ્ય, રોજગારી, કલા અને સંસ્કૃતિમાં કરી રહેલ કામ વિશે જણાવે છે. લોગો મંડળ દ્વારા માન્ય મૂલ્યો પણ દર્શાવે છે - શિક્ષા, સંસ્કાર, સેવા, સહયોગ.

આ પ્રસંગે ડૉ. કુંડલિયાએ સમગ્ર સ્ટાફને ઉદ્દેશીને કહ્યું હતું કે - “મંડળમાં આજે દેખાઈ રહેલી બદલાવની પ્રક્રિયા પાંચ વર્ષ પહેલાં શરૂ થઈ હતી. આ પ્રક્રિયામાં આપણને ક્યાંક સફળતા મળી અને ક્યાંક શીખ મળી. પરંતુ આપણે એ સત્યને સ્વીકાર્યું કે સમય સાથે કદમ મિલાવવા સંસ્થામાં સતત બદલાવ લાવવો જરૂરી છે. મંડળમાં આ વિચારને આગળ વધારવા જેનો મહત્વનો ફાળો રહ્યો છે તે છે ‘શ્રી જલજભાઈ દાણી.’ તેમણે મંડળને કહ્યું કે - આપ સૌ ખૂબ સારા કામ કરી રહ્યા છો, પરંતુ તેને બહારના ફલક પર સ્થાન મેળવવા નવા વિચારો સાથે બદલાવ લાવવાની જરૂર છે. બદલાવને શક્ય બનાવવા તેમણે આપણને મજબૂત નાણાંકીય સહયોગ પણ આપ્યો છે. પાંચ વર્ષ પહેલાં શરૂ થયેલ બદલાવની અસર આપણે હવે જોઈ રહ્યાં છીએ.”

## કપડવણજ કેળવણી મંડળ - વિડીઓ દસ્તાવેજી ફિલ્મનું અનાવરણ :-

મંડળના ૭૮ વર્ષના ઈતિહાસ તેમજ મંડળની છત્રછાયા હેઠળની વિવિધ સંસ્થાઓમાં ચાલતી પ્રવૃત્તિઓનું સંકલન કરી દસ્તાવેજી ફિલ્મ તૈયાર કરવામાં આવી છે. આ ફિલ્મ પણ સ્ટાફ સમક્ષ દર્શાવવામાં આવી હતી. (અહીં જણાવેલ કોડને સ્કેન કરીને આપ ફિલ્મ જોઈ શકો છો.)

QR-Code

## કપડવણજ કેળવણી મંડળ - 'પ્રતિભા' માસિક મુખપત્રનું વિમોચન :-




મંડળ સંચાલિત બધી જ સંસ્થાઓમાં થયેલ મુખ્ય પ્રવૃત્તિઓ, સંસ્થાઓ તેમજ વ્યક્તિઓએ મેળવેલ સિદ્ધિઓ, મંડળ દ્વારા ચાલતી ઈત્તર પ્રવૃત્તિઓ તેમજ વિવિધ સંસ્થાઓ સાથે કરેલ સંકલનની માહિતીથી મંડળ સાથે જોડાયેલ તમામ પ્રકારની વ્યક્તિઓ પરિચિત થાય તે હેતુથી 'પ્રતિભા' માસિક મુખપત્રની શરૂઆત કરવામાં આવી.

**'પ્રતિભા'નું વિમોચન કરી રહેલ મંડળના હોદ્દેદારો અને સંપાદક ટીમ**



## 'આંતરિક ફરિયાદ સમિતિ'ની ઓળખાણ :-



**(આંતરિક ફરિયાદ સમિતિથી સ્ટાફને પરિચિત કરાવતા વિનય ઐયર, ડૉ. હરિશ કુંડલીયા, સમિતિના સભ્યો શ્રી પૂજા આચાર્યા, ડૉ. જવનિકા શેઠ)**

મહિલાઓની જાતીય સતામણી (રોકથામ અને ફરિયાદ નિવારણ) અધિનિયમ - ૨૦૧૩ હેઠળ કપડવણજ કેળવણી મંડળમાં રચના થયેલ 'આંતરિક ફરિયાદ સમિતિ'થી સમગ્ર સ્ટાફને પરિચિત કરાવવામાં આવ્યા. મંડળના પ્રમુખ શ્રી ડૉ. હરિશભાઈ કુંડલીયા સાહેબે જણાવ્યું કે - ''ખેડા જિલ્લામાં આવી સમિતિની પ્રથમ કોઈ NGO એ રચના કરી હશે તો તે આ મંડળમાં હશે.'' મંડળના સી.ઈ.ઓ. શ્રી વિનય ઐયરે જણાવ્યું કે - ''મંડળમાં કામ કરતી મહિલાઓ મંડળમાં સલામતી અનુભવે અને મહિલાઓ સાથે કોઈપણ પ્રકારની જાતીય સતામણી ન થાય તેવું વાતાવરણ ઊભું કરવા મંડળ પ્રતિબદ્ધ છે.''

## C.E.O. સાથે સંવાદ :-

મંડળમાં કાર્ય કરતા સ્ટાફને મંડળની અત્યારની પરિસ્થિતિ વિશે મંડળના હોદ્દેદારો અને સી.ઈ.ઓ. વચ્ચે કાર્યક્રમના અંતે ખુલ્લા મંચ હેઠળ ચર્ચા વિચારણા થઈ હતી.

કાર્યક્રમમાં મંડળના સ્ટાફ ઉપરાંત મંડળના હોદ્દેદારોમાં પ્રમુખશ્રી ડૉ. કુંડલીયા સાહેબ, મંત્રીશ્રીઓ શ્રી અનંતભાઈ શાહ અને શ્રીમતી નીલાબેન પંડ્યા, કોલેજના આચાર્યશ્રીઓ, અધ્યાપકો અને શિક્ષકોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. કાર્યક્રમનું સંચાલન સી.ઈ.ઓ. શ્રી વિનય ઐયર અને તેમની ટીમે કર્યું હતું.



**(મીટીંગમાં સૂચન કરી રહેલ મંડળની શાળાની શિક્ષિકા)**

## શિક્ષકની ભૂમિકા અને જવાબદારીઓ - ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ

શિક્ષકનું મહાન મિશન હોય છે - તરુણ ચિત્તને પ્રજ્વલિત કરવાનું. યુવાનોનાં આ તેજસ્વી મન એ પૃથ્વી પર, આકાશમાં અને પૃથ્વી નીચે સૌથી શક્તિશાળી સંસાધન છે. શિક્ષકની ભૂમિકા પેલી પૌરાણિક સીડી જેવી છે જેનો ઉપયોગ જીવનમાં આગળ વધવા બધા કરે છે, પણ સીડી પોતે તે જ જગ્યાએ રહે છે. આ વ્યવસાયની શ્રેષ્ઠતા આ જ છે. આપણા સમાજમાં અને બાળકના જીવનમાં શિક્ષકનું સ્થાન માતા-પિતા પછી, પણ ઈશ્વર પહેલા આવે છે. માતા-પિતા, ગુરુ - પછી દેવ. આ પ્રકારની આદર પ્રાપ્તિથી મને લાગે છે કે, વિશ્વમાં બીજો કોઈ એવો વ્યવસાય નથી જે સમાજમાં શિક્ષક કરતાં વધારે મહત્વનો હોય.

શિક્ષકો, ખાસ કરી શાળાના શિક્ષકો પર એક વ્યક્તિના જીવનને ઘડવાની જબરદસ્ત જવાબદારી છે. બાળપણ એ એવી આધારશિલા છે જેના પર સમગ્ર જીવનનું માળખું ઊભું થાય છે. બાળપણમાં જેવું બીજ વાવવામાં આવે છે તેવું જ જીવન વૃક્ષ રૂપે ખીલી નીકળે છે. બાળપણમાં વિકાસના પ્રારંભિક તબક્કે જે કેળવણી આપવામાં આવે છે તે કોલેજ કે યુનિવર્સિટીમાં મેળવાતાં શિક્ષણ કરતાં અતિ મહત્વની છે.

શિક્ષકોએ વિદ્યાર્થીઓને શીખવવાની પ્રક્રિયા શીખવી તેમને આજીવન જાતે શીખનાર વિદ્યાર્થીઓ બનાવવા જોઈએ. આ બાબતનો તેઓ સતત મહાવરો કરતાં રહે તે પણ શીખવવું જોઈએ.

સામાન્ય રીતે શિક્ષકો થોડાં તેજસ્વી વિદ્યાર્થીઓ તરફ આકર્ષાતા હોય છે અને તેમને સફળ થવા સતત પ્રોત્સાહિત કરતા હોય છે. પણ હકીકતે શિક્ષકની મહત્વની ભૂમિકા તો જેઓ અભ્યાસમાં નબળા છે તેવા વિદ્યાર્થીઓમાં સમજ અને શીખવાની વૃત્તિ વધે તેવું પર્યાવરણ ઊભું કરવાની છે. આવા શિક્ષક જ સાચા ગુરુ છે.

આપણા દેશના એક મહાન નેતા ડૉ. ભીમરાવ આંબેડકરનું જ ઉદાહરણ આપું. આંબેડકરના નામનું મહત્વ જ તેમનાં પૂર્ણ નામ ભીમરાવ આંબેડકરમાં રહેલું છે. ભીમરાવ એક અસ્પૃશ્ય ગણાતા વિદ્યાર્થી હતા. આંબેડકર નામના શિક્ષક એક ઉચ્ચ વર્ણના બ્રાહ્મણ હતા. તેઓ વિદ્યાર્થી ભીમરાવની ખૂબ સંભાળ લેતા અને તેને માત્ર પોતાનું જ્ઞાન જ ન આપતા પણ ઘણીવાર તેની સાથે ભોજન પણ લેતાં. અભ્યાસ પૂર્ણ કર્યા પછી જ્યારે ભીમરાવ બેરિસ્ટર બન્યા, ત્યારે પોતાના ગુરુની સ્મૃતિને જાળવવા તેમણે પોતાનું નામ ભીમરાવ આંબેડકર કરી નાખ્યું.

- 'આતમ વીંઝે પાંખમાંથી' સાભાર

## સંસ્થાકીય પ્રવૃત્તિઓ

### પૂર્વ પ્રાથમિક વિભાગ :-

મંડળ સંચાલિત શ્રી જડાવબા શિશુ કેન્દ્ર, સ્પંદન બાલમંદિર અને શ્રી એમ.વી.પરીખ ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ (નર્સરી) માં માસ દરમિયાન નીચે મુજબ મુખ્ય પ્રવૃત્તિઓ થઈ.

### શ્રી જડાવબા શિશુ કેન્દ્ર :-

બાળકોમાં રહેલ વાર્તા કહેવાની કળાને ખીલવવા જુનિયર અને સિનિયર કે.જી.ના બાળકો સાથે વાર્તા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિજેતા પ્રથમ ત્રણ નંબરે આવેલ બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

રંગો પ્રત્યે બાળકોના આકર્ષણના ભાગ રૂપે 'યલો ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકો, શિક્ષકો અને પીળા રંગના ફુગ્ગા ફુલાવી સમગ્ર બાલમંદિરને યલો રંગનું કરવામાં આવ્યું હતું.

તે ઉપરાંત બાળકોને શાકભાજી અને ફળોની પ્રત્યક્ષ ઓળખ થાય તે હેતુથી તાજાં શાકભાજી અને ફળોના સ્ટોલ લગાવવામાં આવ્યા હતા.



(જડાવબા શિશુ મંદિરમાં યલો દિવસની ઉજવણી)

## શ્રી સ્પંદન બાલમંદિર :-

સ્પંદન બાલમંદિરના વિદ્યાર્થીઓના વાલીઓની વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની સ્પર્ધા રાખવામાં આવી, જેમાં વાલીને પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક આપવામાં આવ્યા હતા. માસ દરમિયાન પુષ્ય નક્ષત્ર આવ્યું હોવાથી તમામ બાળકોને કપડવંજની આયુર્વેદિક હોસ્પિટલ દ્વારા સુવર્ણપ્રાંશના ટીપાં પીવડાવવામાં આવ્યા હતા. તે સિવાય જંગલી અને પાલતું પ્રાણીનું 'ગેલેરીવોક' કરાવવામાં આવ્યું હતું. જેમાં બાળકોએ વિવિધ પ્રાણીઓના ડ્રેસ પહેરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.




**(સ્પંદન બાલમંદિરમાં જંગલી અને પાલતું પ્રાણીનું ગેલેરીવોક)**

## શ્રી એમ. વી. પરીખ ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ (નર્સરી) :-

**ગ્રાંડ પેરેન્ટ્સ ડે ની ઉજવણી :-**

આશરે ૪૦૦ જેટલા દાદા-દાદી, નાના-નાનીએ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને કાર્યક્રમને ખૂબ રસપ્રદ બનાવ્યો હતો. બાળકોએ તેમનું સ્વાગત ફૂલોથી કર્યું તેમજ પ્રાર્થના સાથે ઢોલ વગાડી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. કાર્યક્રમમાં ગ્રાંડ પેરેન્ટ્સ માટે એક સરપ્રાઈઝ રાખવામાં આવી હતી. જેમાં ફેબ્રુઆરી મહિનામાં જેમનો જન્મદિવસ આવતો હોય તેમને સ્ટેજ પર બોલાવી કેક કાપવામાં આવી હતી. ત્યારબાદ તેમની સાથે રમતોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેની મજા બધાએ ખૂબ આનંદથી લીધી. કાર્યક્રમને વધારે રસપ્રદ બનાવવા મંડળના મંત્રીશ્રી નીલાબેન પંડ્યા, સી.ઈ.ઓ.શ્રી વિનય ઐયર અને આચાર્યા શ્રીમતી માનસીબેન ત્રિવેદી હાજર રહ્યા હતા તેમજ બાળકોના જીવનમાં દાદા-દાદીના મહત્વની વાતો કરી હતી.



**(રમત રમી રહેલ દાદાઓ - દાદીઓ)**

## પ્રાથમિક વિભાગ :-

## શ્રી માણેકલાલ દેસાઈ કિશોર મંદિર :-

શાળાના બાળકોએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ શાળાનું નામ રોશન કર્યું હતું. જેમાં ભારત વિકાસ પરિષદ દ્વારા યોજાયેલ વેશભૂષા સ્પર્ધામાં પ્રથમ પ્રણામી હેતુલ, દ્વિતીય ચૌહાણ નિયતિ અને તૃતીય નંબરે શેખ તનીશાએ વિજેતા થઈ શાળાનું ગૌરવ વધાર્યુ હતું. મંડળ દ્વારા યોજાયેલ આંતર શાળા ચિત્ર સ્પર્ધામાં પરમાર હેલી રાહુલભાઈએ ત્રીજું સ્થાન પ્રાપ્ત કરેલ. બાલાસિનોર ખાતે યોજાયેલ જે.સી.આઈ. મેરેથોન દોડમાં પટેલ માનવ કે. અને પટેલ માનસી કે. એ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ, ટ્રોફી અને ૫૦૦ રૂપિયા રોકડ ઈનામ પ્રાપ્ત કરેલ. રાષ્ટ્રીય સ્તરે લેવાતી મેરીટ શિષ્યવૃત્તિ પરીક્ષામાં આઠમા ધોરણના સુથાર અનુજે સમગ્ર ખેડા જિલ્લામાં પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. જેને હવેથી ચાર વર્ષ માટે વાર્ષિક રૂા.૧૨,૦૦૦ શિષ્યવૃત્તિ મળશે.



**(શાળામાં યોજાયેલ વિજ્ઞાન મેળો)**

રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસના ભાગરૂપે 'વિજ્ઞાન મેળા'ની ઉજવણી કરવામાં આવી અને ધોરણ ૩ અને ૪ ના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ 'સરદાર બાગ'ની શૈક્ષણિક પર્યટનની મજા માણી હતી.

## શ્રીમતી સી. ડી. ગાંધી ઈંગ્લિશ મિડિયમ (પ્રાયમરી) સ્કૂલ :-



**(વિજ્ઞાન મેળાનું ઉદ્‌ઘાટન કરી રહેલ મહેમાનો)**

પુલવામાં થયેલ આતંકવાદી હુમલામાં શહીદ થયેલા વીર જવાનોને બાળકો દ્વારા સ્કૂલથી મીનાબજાર સુધી રેલી કાઢી શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી.

શાળામાં 'નેશનલ સાયન્સ ડે'ની ઉજવણીના ભાગરૂપે વિજ્ઞાનમેળો યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે બાળ વૈજ્ઞાનિકોએ વિવિધ વિજ્ઞાનના પ્રયોગો કર્યા હતા. કાર્યક્રમમાં અમદાવાદથી ડૉ. પરાગ ત્રિવેદી, ડૉ. ચાંદરાજ કેલા, પૌરવ પટેલ તથા મંડળના સી.ઈ.ઓ. વિનય ઐયરે હાજરી આપી હતી.

## માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગ :-

## શ્રી સી. એન. વિદ્યાલય :-

શાળાની વિદ્યાર્થિનીઓ - પટેલ ખુશી રામચંદ્રભાઈ અને પટેલ ક્રિષ્ના વસંતભાઈએ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક દ્વારા લેવાયેલ પ્રખરતા શોધ કસોટીમાં ભાગ લઈ શાળાનું નામ રોશન કર્યું હતું. આ બંને વિદ્યાર્થીનીઓને બોર્ડ દ્વારા પ્રશસ્તિપત્રો અને રૂા. ૧૦૦૦ ઈનામ સ્વરૂપે આપવામાં આવ્યા હતા. શાળાના શિક્ષક કે. એમ. મોઢેરાએ આ અંગે વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડયું હતું.



**પટેલ ખુશી રામચંદ્રભાઈ**
**ઈનામની રકમ : રૂા. ૧૦૦૦**



**પટેલ ક્રિષ્ના વસંતભાઈ**
**ઈનામની રકમ : રૂા. ૧૦૦૦**




**(શાળામાં ચાલતી NCC પ્રવૃત્તિના ભાગરૂપે ૫૦ વિદ્યાર્થીઓએ સ્વચ્છતા અંગેની રેલી યોજી હતી. જે શાળાથી આઝાદચોક સુધી યોજવામાં આવી હતી.)**

## શ્રીમતી સી. ડી. ગાંધી ઈંગ્લિશ મિડિયમ (માધ્યમિક) સ્કૂલ :

બોર્ડની પરીક્ષા આપનાર ધો. ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓએ શાળા સાથે જોડાયેલી તેમની યાદોને વાગોળી હતી અને શાળાના આચાર્ય તેમજ શિક્ષકોએ વિદ્યાર્થીઓ સારા ગુણથી પાસ થાય તેવી શુભેચ્છા પાઠવી હતી.



**(બોર્ડના વિદ્યાર્થીઓ આચાર્ય અને શિક્ષકો સાથે)**

## કોલેજ વિભાગ :-

### શ્રીમતી એસ. કે. શાહ (વ્હાવાલા) કોલેજ ઓફ એજ્યુકેશન (બી.એડ્. કોલેજ) :-



(વાર્ષિક પાઠમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકો)



(મહેંદી સ્પર્ધા)

કોલેજમાં વસંતપંચમીની ઉજવણી થઈ, જેમાં અધ્યાપિકા જ્યોતિકાબેન ગજ્જર અને તાલીમાર્થી સેજલ સોલંકીએ વ્યાખ્યાન આપ્યું હતું. માસ દરમિયાન ડૉ. કે. ડી. પટેલની રાહબર હેઠળ સેમી.-૪ ના પાઠ તાલુકાની વિવિધ શાળાઓમાં યોજાયા હતા. કોલેજમાં મહેંદી સ્પર્ધા યોજાઈ હતી અને વિશ્વ માતૃભાષા દિન ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં માતૃભાષા વિશે અધ્યાપિકા શ્રીમતી સરલાબેન ચૌધરી અને સેજલ સોલંકીએ વ્યાખ્યાન આપ્યું હતું. તાલીમાર્થી ત્રિવેદી મિનલ તથા સોલંકી શિવાંગીએ કાવ્ય પઠન, લોકગીત અને ભજન રજૂ કર્યા હતા.

તાલીમાર્થી ભાઈઓ માટે ક્રિકેટ મેચનું આયોજન થયું. જેમાં બહેનો ખો-ખો ની રમત રમ્યા અને અંતાક્ષરી સ્પર્ધાનું આયોજન પણ થયું હતું.

### શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એમ. પારેખ કોમર્સ કોલેજ :-



(રીડીંગ સ્કીલ પર વ્યાખ્યાન આપી રહેલ પ્રાંત અધિકારીશ્રી અનિલ ધામેલીયા)

**ઉદ્દિશા પ્રકલ્પના (ક્લબ) :**

આ ક્લબના ઉપક્રમે કોલેજમાં વિવિધ વ્યાખ્યાનો યોજાયાં હતાં. જેમાં ઈન્ટર પર્સનલ સ્કીલ વિશે પૂર્વીબેન કંસારાએ અને રીડિંગ સ્કીલ પર અને આસી. કલેક્ટર અને પ્રાંત અધિકારી શ્રી અનિલ ધામેલીયાનું વ્યાખ્યાન યોજાયું હતું.

**"સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે બજારમાં મળતા સાહિત્યમાંથી યોગ્ય પ્રકારનું સાહિત્ય પસંદ કરવું અને લાંબા ગાળાનું આયોજન તેમજ સખત પરિશ્રમ અનિવાર્ય છે."**

**- શ્રી અનિલ ધામેલિયા (કલેક્ટર અને પ્રાંત અધિકારી, કપડવંજ)**

પોઝીટીવ એટીટ્યુડ વિષય પર પેટા રોજગાર કચેરી નડિયાદના કેરિઅર કાઉન્સીલર હેતલબેન રોહિતનું વ્યાખ્યાન યોજાયું હતું. તેમણે હકારાત્મક અભિગમની વ્યક્તિના વર્તન પર પડતી અસરો સંદર્ભે વિવિધ ઉદાહરણો દ્વારા સમજ આપી હતી.

ઉદ્દિશા પ્રકલ્પનાના સંયોજક શ્રી મયંક પટેલે કાર્યક્રમનું સંચાલન અને આચાર્ય શ્રી ગોપાલ શર્માએ ઉપસ્થિત સૌને આવકાર અને આવા કાર્યક્રમોની ઉપયોગિતા વિશે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા અન્ય પ્રાધ્યાપકોએ પણ સાથ - સહકાર આપ્યો હતો.

**ક્રિએટીવ કોર્નર :-**

સંસ્કૃત શ્લોક ગાન અને ગુજરાતી કાવ્ય પઠન સ્પર્ધા વિદ્યાર્થીઓમાં અભિવ્યક્તિની કલા વિકસે અને તેમનામાં રહેલી સુષુપ્ત શક્તિઓનો વિકાસ થાય તે હેતુથી કોલેજમાં ક્રિએટીવ કોર્નર અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન થતું રહે છે. તેમાં આ મહિને સંસ્કૃત શ્લોક ગાન અને ગુજરાતી કાવ્ય પઠન સ્પર્ધા યોજાઈ હતી.

**ગઝલનું સ્વરૂપ અને સર્જન :-**

ગઝલનું સ્વરૂપ અને સર્જન પ્રક્રિયા વિશે ડૉ. જયેન્દ્ર શેખડીવાળાનું વ્યાખ્યાન યોજાયું હતું. જેમાં ગઝલ વિશે તેમણે સમજ આપતાં કહ્યું કે -

"પ્રેમિકા સાથે ગુફ્તેગુ એટલે ગઝલ. ગઝલ બે પ્રકારની હોય છે. ઈશ્કે મિજાજી એટલે પ્રિયા પ્રેમ અને ઈશ્કે હકીકી એટલે પ્રભુ પ્રેમ વ્યક્ત કરતી ગઝલો. આધુનિક ગઝલમાં આધુનિક માનવની એકલતા અને પીડાની સંવેદના વ્યક્ત થાય છે. ગઝલ એ પ્રેમની ભાષા છે. એમાં છંદ એ કવર છે, ચેલી છે."

આ કાર્યક્રમોમાં ક્રિએટીવ કોર્નરના કન્વીનર ડૉ. હિતેન્દ્ર જોષી, પ્રો. એલ. પી. વણકર, પ્રો. વાય. બી. મહાલે સંચાલન અને આયોજનની જવાબદારી લીધી હતી. કાર્યક્રમને સફળ બનાવવા આચાર્ય ડૉ. ગોપાલ શર્માનું માર્ગદર્શન રહ્યું હતું.

**જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા અને કપડવંજના વતની કવિ રાજેન્દ્ર શાહ સ્મૃતિ વ્યાખ્યાન :-**

કોલેજ અને જીવનશિલ્પ પરિવારના સૌજન્યથી દર વર્ષે યોજાતી કવિ રાજેન્દ્ર શાહ સ્મૃતિ વ્યાખ્યાન અંતર્ગત 'અતિ આધુનિક ગુજરાતી કવિતામાં પ્રતિબદ્ધ સૂર' વિષય પર ગાંધીનગરની સમર્પણ આર્ટ્સ કોલેજના પ્રો. સમીર ભટ્ટે વ્યાખ્યાન આપ્યું હતું, જેમાં તેમણે કહ્યું હતું કે -

"પ્રતિબદ્ધ સર્જક એ માણસાઈનો સર્જક છે અને પ્રતિબદ્ધ કવિતા એ અરીસાની કવિતા છે. જેમાં ચારે બાજુ દર્દ દેખાય છે. આવી કવિતા દર્દ વેઠનારા કવિઓએ લખી હોય છે અને તેની ભાષા તેજાબી હોય છે. પ્રતિબદ્ધતા એટલે કોઈ એક વિશિષ્ટ માન્યતા સાથે તેનું સમર્થન કરવું, તેને વફાદાર રહેવું. તેમણે કવિતામાં પ્રતિબદ્ધતાના વિવિધ કવિઓના દૃષ્ટાંતો સાથે સુંદર વિચાર રજૂ કર્યો હતો."



**(વ્યાખ્યાન માળામાં વ્યાખ્યાન આપી રહેલ ડૉ. પ્રો. સમીર ભટ્ટ)**

**અર્થશાસ્ત્ર વિભાગમાં વ્યાખ્યાન :-**

આણંદની શ્રી એન. એસ. પટેલ આર્ટ્સ કોલેજના પ્રો. ડૉ. જુવાનસિંહ વાળાનું 'માઈક્રો, સ્મોલ અને મિડિયમ એન્ટરપ્રાઈઝ ઈન ઈન્ડીયા' પર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. જેના આયોજનમાં ડૉ. રીટા રાણા, પ્રો. ભાર્ગવ મહેતા અને પ્રો. રાજેશ પરમારે જવાબદારી નિભાવી હતી.



**(વક્તા ડૉ. જુવાનસિંહ વાળાનું સન્માન કરી રહેલ આચાર્ય ડૉ. ગોપાલ શર્મા)**

**જાગૃતિ કાર્યક્રમ :-**

એઈડ્સ અંગે :- એન.એસ.એસ. અને મનોવિજ્ઞાન વિભાગના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓને એચ.આઈ.વી. એઈડ્સ અંગે રેડ રીબન ક્લબ દ્વારા પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનથી માહિતગાર કરવામાં આવ્યા હતા.



**(એચ.આઈ.વી. એઈડ્સ અંગે યોજાયેલ વર્કશોપ)**

**પ્લાસ્ટીક અટકાવો રેલી :-**




(પ્લાસ્ટીક અટકાવો રેલી)

એન.સી.સી. અને એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓએ ડાકોર રોડથી નગરપાલિકા અને કાપડ બજારથી મામલતદાર કચેરી સુધી પ્લાસ્ટીક અટકાવો, પર્યાવરણ બચાવોના ઉદ્દેશથી કાપડ થેલીના વિતરણ માટે રેલી યોજી હતી. જેમાં તેમણે રસ્તામાં મળેલ લોકોને પાલિકા તરફથી કાપડની છાપેલી થેલી અને વિદ્યાર્થીઓએ વેસ્ટ કાપડમાંથી બનાવેલી થેલી આપી હતી.

**બેસ્ટ પ્રેક્ટીસ :-**

શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એમ. પારેખ કોમર્સ કોલેજના આચાર્ય ડૉ. ગોપાલ શર્મા દ્વારા અધ્યાપકો સાથે ચર્ચા-વિચારણા કરીને તૃતીય વર્ષ બી.એ., બી.કોમ.માં અભ્યાસ કરતા અને પોતાના ભવિષ્ય માટે જાગૃત અને ગંભીર એવા વિદ્યાર્થીઓની 'સ્ટાર બેચ' બનાવવાનું નક્કી કરવામાં આવ્યું. આ વિદ્યાર્થીઓને જીવન ઘડતર અને કારકિર્દીમાં ઉપયોગી થાય તેવા વિષયો ઉપર કોલેજના જ અધ્યાપકો દ્વારા નિયમિત વર્ગો પૂરા થાય તે પછી વ્યાખ્યાનોનું આયોજન કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

સ્ટાર બેચના વર્ગો ફેબ્રુઆરી માસના પ્રત્યેક સપ્તાહના ત્રણ દિવસ મંગળ, બુધ અને ગુરૂવારના દિવસે ૧૧-૩૦ થી ૧૨-૩૦ લેવામાં આવ્યા હતા. વિવિધ વિષયો પર યોજાયેલ વ્યાખ્યાનો P.P.T. દ્વારા આપવામાં આવ્યા હતા. ૨૫ જેટલા વિદ્યાર્થીઓએ નિયમિત ઉપસ્થિત રહી માર્ગદર્શન પ્રાપ્ત કર્યુ હતું. આ વ્યાખ્યાન માળાના કન્વીનર તરીકે પ્રા. જિતેન્દ્ર બ્રહ્મભટ્ટે સેવાઓ આપી હતી.

## પારેખ બ્રધર્સ સાયન્સ કોલેજ :-



(સ્પોર્ટ્સ ડે ની ઉજવણી)

સ્ટુડન્ટ રી-પ્રેઝન્ટેટીવ કમિટી (એસ.આર.સી.) અંતર્ગત તા. ૧૨ થી ૧૬ ફેબ્રુઆરી દરમિયાન મનોરંજન વીકની ઉજવણી કરવામાં આવી હતી. જે હેઠળ વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

**સ્પોર્ટ્સ ડે :-**

સ્પોર્ટ્સ ડે ઉજવણી નિમિત્તે આંતરવર્ગીય ક્રિકેટ સ્પર્ધા, બેડમિન્ટન, સ્લો સાયકલીંગ, ફુગ્ગા દોડ, ત્રિ-પગી દોડ અને સંગીત ખુરશી જેવી સ્પર્ધાઓમાં ભાગ લઈ વિદ્યાર્થીઓએ તેમના કૌશલ્યનું પ્રદર્શન કર્યું હતું. સમગ્ર રમત-ગમત સ્પર્ધામાં કોલેજના પ્રાધ્યાપકો ડૉ. પી. ડી. પટેલ, પ્રો. બી. એમ. સોલંકી, પ્રો. એમ. એસ. ભટ્ટ, ડૉ. જે. આર. ચૌહાણ, ડૉ. ડી. જી. શાહ, ડૉ. આર. આર. પટેલ, ડૉ. એસ. આર. રામ, શ્રી મિલનસિંહ ગોહિલ તથા શ્રી હર્ષ પટેલ અને બિન શૈક્ષણિક સ્ટાફે સક્રિય કામગીરી દાખવી હતી.

આ દિવસે વિદ્યાર્થીઓએ એકબીજાની સિગ્નેચરની આપ-લે કરી જીવનની આ મહત્ત્વની પળોને સ્મરણીય બનાવવા સિગ્નેચર ડે તરીકે પણ ઉજવ્યો હતો.

**વિવિધ પ્રકારના 'ડે' ની ઉજવણી :-**



(ટ્રેડીશનલ ડે ની શરૂઆતમાં પુલવામાં શહીદ થયેલ જવાનોને શ્રદ્ધાંજલી આપી રહેલ કોલેજ પરિવાર

આ અઠવાડિયામાં વિદ્યાર્થીઓએ ટવીન્સ ડે, ગ્રુપ ડે, ટાઈ ડે, બ્લેક એન્ડ વ્હાઈટ ડે ની ઉજવણી કરી હતી. કોલેજના પ્રાધ્યાપક ડૉ. પી. આર. મેવાડાના નેજા હેઠળ બ્લડ ડોનેશન ડેની પણ ઉજવણી થઈ હતી. જેમાં વિદ્યાર્થીઓ અને સ્ટાફના સદસ્યો થઈ ૩૬ યુનીટ રક્ત એકત્ર થયું હતું. જે શ્રી સી. આર. પરીખ બ્લડ બેંકમાં જમા કરાવવામાં આવ્યું હતું.

ટ્રેડીશનલ ડે અંતર્ગત રાસ-ગરબા સ્પર્ધા યોજાઈ હતી. જેમાં કાશ્મીરના પુલવામાંના હુમલામાં શહીદ થયેલ જવાનોને મૌન પાળી શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી. વિજેતાઓને કોલેજ તરફથી આપવામાં આવેલ ઈનામ ઉપરાંત ડૉ. રીટાબેન પટેલ અને પ્રો. બી. એમ. સોલંકી તરફથી આશ્વાસન ઈનામ પણ જાહેર કરવામાં આવ્યું હતું.

'સોશીયલ ડે' ની ઉજવણી નિમિત્તે વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ એકત્ર કરેલ ભંડોળને 'આર્મી વેલ્ફેર ફંડ'માં જમા કરાવી સરાહનીય કામગીરી કરી હતી.

**વાનગી હરીફાઈ :-**

વાનગી હરીફાઈમાં ૧૨ વિદ્યાર્થીઓએ ભાગ લઈ કોલેજની બાયોલોજી લેબને સુંદર રસોઈ ઘરમાં પરિવર્તિત કરી ૨૪ જેટલી વાનગીઓનું સુંદર પ્રદર્શન કર્યું હતું.

તે ઉપરાંત વેસ્ટમાંથી બેસ્ટ અને મહેંદી સ્પર્ધાઓનું આયોજન પણ થયું હતું.

ત્રણેય સ્પર્ધામાં કોલેજના પ્રો. બી. એમ. સોલંકી, પ્રો. એમ. એસ. ભટ્ટ તેમજ કોર્ડિનેટર ડૉ. રીટાબેન પટેલે કાર્યક્રમનું સુંદર સંચાલન અને મૂલ્યાંકન કર્યું હતું.



**(વાનગી હરીફાઈમાં વાનગી પ્રદર્શન)**

**થેલેસેમિયા કેમ્પ :-**

થેલેસેમિયા કેમ્પ અંતર્ગત તેના કોર્ડિનેટર ડૉ. રીટાબેન પટેલના નેજા હેઠળ થેલેસેમીયા ચેક-અપ કેમ્પનું આયોજન થયું હતું. જેમાં વિદ્યાર્થી ભાઈ-બહેનોનું ચેક-અપ થયું હતું. કોલેજના આચાર્ય શ્રી ડૉ. એ. જે. રાવલે કાર્યક્રમના સફળ સંચાલન અને આયોજન બદલ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને અભિનંદન આપ્યા હતા.

**સાયન્સ કાર્નિવલ - ૨૦૧૯ :-**

વિદ્યાર્થીઓની વિજ્ઞાન, સંશોધન તેમજ પ્રાયોગિક પદ્ધતિઓ તરફની અભિરુચિ અને કૌશલ્ય વધે તેવા હેતુસર ગુજરાત સાયન્સ એકેડેમી અને શ્રી વી. પી. સાયન્સ કોલેજ, વિદ્યાનગરના સંયુક્ત ઉપક્રમે સાયન્સ કાર્નિવલ - ૨૦૧૯ નું આયોજન થયું હતું. જેમાં સરદાર પટેલ યુનિ. સંલગ્ન વિવિધ કોલેજના આશરે ૫૦૪ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાની કૃતિ રજૂ કરી હતી. કોલેજમાંથી ૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રો. મુકેશ ભટ્ટના માર્ગદર્શન હેઠળ કુલ બે વર્કિંગ મોડલ નિદર્શન, એક સોફ્ટવેર બેઝ મોડલ, બે પોસ્ટર અને બે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન સાથે કુલ ૦૭ કૃતિઓમાં વિદ્યાર્થીઓએ પોતાની દાવેદારી નોંધાવી હતી.



**(સાયન્સ કાર્નિવલમાં ભાગ લીધેલ વિદ્યાર્થીઓ પ્રો. મુકેશ ભટ્ટ સાથે)**

જેમાંથી સુંદર પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનમાં કુમારી હેતુ પટેલે બીજો ક્રમ મેળવી મંડળ તથા કોલેજને ગૌરવ અપાવ્યું હતું. આચાર્ય ડૉ. એ. જે. રાવલે ભાગ લેનાર વિદ્યાર્થીઓ અને માર્ગદર્શક પ્રો. મુકેશ ભટ્ટને અભિનંદન આપ્યા હતા.

## ઊભરતી પ્રતિભાઓ

### વિદ્યાર્થીની સિદ્ધિ :-



ક. કે. મંડળ સંચાલિત કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એમ. પારેખ કોમર્સ કોલેજનો વિદ્યાર્થી અને એન.સી.સી. કેડેટ ચૌહાણ હિંમતસિંહ મહેન્દ્રસિંહની એન.સી.સી. કેડેટમાં રાષ્ટ્રીય સ્તરે પસંદગી થયેલ હતી અને તેને દિલ્હી ખાતે આયોજિત રી-પબ્લીક ડે-૨૦૧૯ ની પરેડમાં ભાગ લેવાની તક મળી હતી. કઠલાલ તાલુકાના નાનકડા ગામ ચૌહાણપુરાના રહેવાસી હિંમતસિંહની આ સિદ્ધિથી કોલેજ અને ખેડા જિલ્લાનું રાષ્ટ્રીય સ્તરે ગૌરવ વધ્યું છે. તેમજ અન્ય વિદ્યાર્થીઓ માટે પણ તે પ્રેરણા સ્વરૂપ બન્યો છે. હિંમતસિંહની આ સિદ્ધિને કોલેજ તેમજ મંડળ પરિવાર શુભેચ્છા પાઠવે છે અને ભવિષ્યમાં પ્રગતિ કરતા રહે તેવી આશા રાખે છે.

## અન્ય પ્રવૃત્તિઓ

## ઓ. સી. શેઠ કમ્પ્યુટર સેન્ટર :-

### એજ્યુકેશનલ ફન-ફેરમાં ભાગ લીધો :-

જીવનશિલ્પ સંસ્થા દ્વારા આયોજિત એજ્યુકેશનલ ફન-ફેરમાં સ્ટોલ રાખવામાં આવ્યો હતો. જે ફન-ફેરના અન્ય સ્ટોલથી સૌથી અલગ પ્રકારનો હતો. જેનાથી ફન-ફેરના મુલાકાતીઓ માટે તે ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. ખૂબ મોટા પ્રમાણમાં વિદ્યાર્થીઓ તેમજ સમાજના અગ્રણીઓએ સ્ટોલની મુલાકાત લઈ આયોજકોને બિરદાવ્યા હતા.



(ફન-ફેરમાં ભાગ લીધેલ સેન્ટરની ટીમ આયોજકો સાથે)

### સોફ્ટ સ્કીલ વિશે માહિતી :-

ઓ. સી. શેઠ કમ્પ્યુટર સેન્ટરના તમામ વિદ્યાર્થીઓને સોફ્ટ સ્કીલ માટે સેશનનું આયોજન થયું હતું. જેમાં મંડળ સાથે જોડાયેલ શ્વેતાબેન ડોભાલેએ વિદ્યાર્થીઓને નોકરીના ઈન્ટરવ્યુ, વસ્ત્ર પરિધાનનું મહત્વ, વાક-છટા વિશે તેમજ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને આવરી લેતા વિષયો પર છણાવટ કરી હતી. જે વિદ્યાર્થીઓને ઉપયોગી રહી હતી.



(સોફ્ટ સ્કીલ વિશે માહિતી આપી રહેલ શ્રી શ્વેતા ડોભાલે)

## સ્પોર્ટ્સ આઉટરીચ પ્રોગ્રામ :-

## રમત-ગમત

### રમત-ગમતનો પ્રચાર પ્રસાર :-

કપડવંજ તાલુકાની ચાર સરકારી શાળામાં રમત-ગમતનો પ્રચાર - પ્રસાર કરવા કેમ્પનું આયોજન થયું હતું. જેમાં ૫ થી ૮ ધોરણના ૪૫૦ થી વધારે બાળકોએ ભાગ લીધો હતો. આ પ્રાયોગિક પ્રયત્નની સફળતાના આધારે આવતા શૈક્ષણિક વર્ષથી કપડવંજ તાલુકાની બધી જ શાળામાં રમત-ગમત અને શારિરિક શિક્ષણને મહત્વ અંગેનો ઝુંબેશ કાર્યક્રમ ચલાવવામાં આવશે.



(ટેબલ ટેનીસની તાલીમ લઈ રહેલ બાળકો)

### ડિસ્ટ્રિક્ટ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલ (DLSS):-

રમત-ગમતની ખાસ આવડત ધરાવતા નિવાસી શાળાના ૧૦ બાળકો પ્રમાણિત પ્રતિભાઓમાં પસંદ થયેલ હોવાથી તેમને ટેબલ-ટેનીસની સઘન તાલીમ અપાઈ હતી.

### રમત-ગમતનો શિક્ષણના પાઠયક્રમમાં સમાવેશ :-

શારીરિક શિક્ષણ અને રમત-ગમત પાઠયક્રમનું મહત્વનું અંગ બને તે માટે મંડળની શાળાના આચાર્યો તેમજ શારીરિક શિક્ષણના શિક્ષકો, રમત-ગમતના કોચ તેમજ તાલીમકારો સાથે બેઠક કરવામાં આવી હતી અને આવતા શૈક્ષણિક વર્ષથી રમત-ગમત અને શારીરિક શિક્ષણને મુખ્ય પ્રવાહમાં સમાવવાની ચર્ચા થઈ હતી.



(શાળામાં રમત-ગમતની તાલીમ)

## સાયન્સ આઉટરીચ પ્રોજેક્ટ :-

## સંકલન

### અગસ્ત્ય ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન :

ફેબ્રુઆરી મહિનામાં 'રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ'ની ઉજવણી થતી હોવાથી આ મહિને વિવિધ જગ્યાએ વિજ્ઞાન મેળાઓ આયોજિત કરવામાં આવ્યા હતા.

**લેબ ઓન બાઈક :-**

કૈવલ્ય એજ્યુકેશન ફાઉન્ડેશન સાથે મળીને ડાકોરની ઠુણાદરા પ્રાથમિક શાળાના શિક્ષકો સાથે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સોલાર સીસ્ટમ, કેલીડોસ્કોપ, ડીપવેલ, પીન હોલ કેમેરા જેવા લો કોસ્ટ મોડલ બનાવ્યા હતા.



**(શિક્ષકો સાથે તાલીમ)**

માસ દરમિયાન સાઢેલી પ્રાથમિક શાળા ડાકોર, મુલેસર પ્રાથમિક શાળા નડિયાદ, લક્ષ્મીપુરા (ભુમેલ)માં થઈને ત્રણ વિજ્ઞાન મેળાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિજ્ઞાન મેળાઓમાં ભૌતિક વિજ્ઞાન, ખગોળશાસ્ત્ર, જીવવિજ્ઞાન તથા અંધશ્રદ્ધાને લગતા ૪૫ જેટલા મોડલોની સમજ આપવામાં આવી હતી. વિજ્ઞાન મેળામાં રાખેલ મોડેલ લોકોને સમજાવી શકે તે માટે મેળાની તૈયારીના ભાગરૂપે દરેક જગ્યાએ યંગ ઈન્સ્ટ્રક્ટરને તાલીમ આપી તૈયાર કરવામાં આવ્યા હતા. ત્રણેય મેળામાં થઈને કુલ ૧૩૩૨ છોકરાઓ, ૧૧૯૧ છોકરીઓ, ૬૦૯ ગામના લોકો અને ૯૦ શિક્ષકોએ મુલાકાત લીધી હતી.

**ક્વીઝ સ્પર્ધાનું આયોજન :-**

રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણીના ભાગરૂપે ઓઝરાળા પ્રાથમિક શાળા ડાકોરમાં ક્વીઝ સ્પર્ધા અને લો કોસ્ટ મોડેલ મેકીંગ નું આયોજન કરવામાં આવ્યું હતું.

**સાયન્સ ઓન વ્હીલ :-**

આ કાર્યક્રમ હેઠળ વિજ્ઞાન દિવસની ઉજવણીના ભાગરૂપે કઠલાલ તાલુકાની ચરેડ પ્રાથમિક શાળા અને કપડવંજ તાલુકાની તોરણા કુમાર શાળામાં ૨ દિવસીય વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વ્યસનમુક્તિ, વૃક્ષારોપણ તથા અંધશ્રદ્ધાને લગતા નાટકો તેમજ બાળ કલાકારો દ્વારા ડાન્સની રજૂઆત કરવામાં આવી હતી. બાળકોએ વિવિધ વૈજ્ઞાનિકોના જીવન ચરિત્રો અને તેમણે મેળવેલ સિદ્ધિઓની પણ રજૂઆત કરી હતી. વિવિધ વિજ્ઞાન કૃતિઓનું પ્રદર્શન પણ રાખવામાં આવ્યું હતું.




**(વિજ્ઞાનમેળાની મુલાકાતે આવી રહેલ બાળકો)**

**(સ્પોર્ટ્સ આઉટરીચ પ્રોગ્રામ અને સાયન્સ આઉટરીચ પ્રોજેક્ટમાં દાણી ફાઉન્ડેશનનું માર્ગદર્શન અને નાણાંકીય સહયોગ સતત મળતો રહે છે.)**

## કાયદાકીય જવાબદારીઓ

### બાળકોને લગતા કાયદાઓની તાલીમ :-

### મંડળની શાળાઓમાં 'બાળ સુરક્ષા અધિનિયમની ધારાઓ' વિશે જાણકારી :-

કપડવણજ કેળવણી મંડળ સંચાલિત વિવિધ શાળાઓમાં ૫૦૦૦ થી વધારે બાળકો શિક્ષણ મેળવી રહ્યા છે. શાળાઓ અને સમાજમાં બાળકો સલામત મહેસુસ કરે, તેમજ બાળકો સાથે થતા અયોગ્ય વર્તન વિશે જાગૃતિ ઊભી થાય તે હેતુથી શાળાઓમાં કાર્યશાળાઓ યોજાઈ હતી. આ કાર્યશાળા બાળ સુરક્ષા એકમ - નડિયાદ સાથે સંકલનથી તા. ૧૪ થી ૧૮ ફેબ્રુઆરી દ્વારા યોજવામાં આવી હતી. જેમાં બાળ સંરક્ષણને લગતા કાયદાઓ, બાળકોની જાતીય સતામણી અંગે સંરક્ષણ અધિનિયમ ૨૦૧૨, બાળવિવાહ પ્રતિબંધિત નિયમન ધારા, બાળમજૂરી પ્રતિબંધિત અધિનિયમ, કિશોર ન્યાય અધિનિયમની મુખ્ય જોગવાઈઓ વિશે જણાવવામાં

આવ્યું હતું. બાળ અપરાધ સંબંધિત હેલ્પ લાઈન - ૧૦૯૮, પોલીસ હેલ્પ લાઈન - ૧૦૦, મહિલા અભિયમ હેલ્પ લાઈન - ૧૮૧ ના ઉપયોગ અંગે પણ જાણકારી આપવામાં આવી હતી.

આ ઉપરાંત ગુજરાત સરકારની બાળ વિકાસને લગતી યોજનાઓ જેવી કે પાલક માતા-પિતા યોજના, શિષ્યવૃત્તિ યોજના, સંકલિત બાળ સુરક્ષા યોજનાથી પણ બાળકોને માહિતગાર કરાયા હતા. મંડળ સંચાલિત વિવિધ શાળાઓમાંથી ૨૦૮૯ જેટલા બાળકોએ આ કાર્યશાળાઓમાં ભાગ લીધો હતો.

હવે પછી શાળામાં દર ત્રણ મહિને બાળકોને વિવિધ વિડીઓ બતાવવામાં આવશે. જેથી સુરક્ષાના પગલાંઓ વિશે જાગૃતિ બની રહે.



**(બાળકોને લગતના કાયદાના વર્કશોપમાં ભાગ લીધેલ બાળકો)**

કાયદાકીય જાણકારી આપવા જિલ્લા બાળ સુરક્ષા એકમ - નડિયાદ તરફથી શ્રી કીર્તિબેન જોષી (લીગલ પ્રોટેક્શન ઓફીસર), ડૉ. અલકાબેન રાવલ (પ્રોટેક્શન ઓફીસર ઈન્સ્ટીટ્યુટ કેર) અને શ્રી મહેશભાઈ પટેલ (પ્રોટેક્શન ઓફીસર) હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન મંડળના કાર્યકર્તા શ્રી બ્રિજેશ પટેલે કર્યું હતું. મંડળના મંત્રીશ્રી નીલાબેન પંડ્યા કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવવા જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

## નવી પહેલ

### કપડવંજની સ્વૈચ્છિક સંસ્થાઓ એક મંચ પર :-

કપડવંજ તાલુકા અને આસ-પાસના વિસ્તારોમાં કાર્ય કરતી તમામ સામાજિક અને સ્વૈચ્છિક સંસ્થાઓની બેઠકનું આયોજન તા. ૨-૨-૨૦૧૯ ના રોજ ક. કે. મંડળના કેમ્પસમાં કરવામાં આવ્યું હતું. આ બેઠકનો હેતુ વિવિધ ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓ તેમના કાર્યો અને અનુભવોની આપ-લે કરે, તેમના અનુભવો અનુસાર કપડવંજ પંથકના વિકાસ માટે અત્યારની જરૂરિયાતો પર વિચાર-વિમર્શ કરે તેમજ સાથે મળી સામાન્ય મુદ્દાઓ નક્કી કરી તેના ઉકેલ માટેના પ્રયત્ન કરે અને આ રીતે કાર્ય કરવામાં જરૂર પડે તો એક-બીજાની ક્ષમતાનું પણ આદાન-પ્રદાન કરે તેવો હતો.



**(સ્વૈચ્છિક સંસ્થાઓના સભ્યો સાથે વાતચીત કરી રહેલ મંડળના પ્રમુખ ડૉ. હરિશ કુંડલીયા)**

બેઠકમાં કપડવંજ પંથકની શિક્ષણ, આરોગ્ય, ગ્રામ-વિકાસ પંચાયત, મહિલા સશક્તિકરણ જેવા મુદ્દાઓ પર કાર્ય કરતી ૩૫ જેટલી સંસ્થાઓએ હાજરી આપી હતી. બેઠકમાં દરેક સંસ્થાઓએ તેમની સંસ્થાની કામગીરીના પરિચયની સાથે તેમના મતે કપડવંજના વિકાસ માટે જરૂરી મુદ્દાઓની રજૂઆત કરી હતી. જે મુદ્દાઓ બેઠકમાં આવ્યા હતા તેમાં મલ્ટી સ્પેશ્યાલીસ્ટ તબીબોની સેવાઓ સાથેની અદ્યતન હોસ્પિટલ, ઉત્તમ કક્ષાનું શિક્ષણ, સજીવ ખેતી, પીવાના પાણીની સુવિધામાં સુધારો તેમજ સ્વીમીંગ પુલ સાથે ખેલ-કુદની સુવિધામાં સુધારો જેવા મુદ્દાઓની રજૂઆત થઈ હતી. ક. કે. મંડળના પ્રમુખ શ્રી ડૉ. હરિશ એચ. કુંડલીયાએ સમય સાથે કદમ મિલાવવા પંથકના વિકાસ માટે સૌએ સાથે મળી રચનાત્મક તેમજ સકારાત્મક અભિગમ કેળવી વિવિધ પગલાંઓ લેવા સૂચનો કર્યા હતા.

આવા પ્રકારની સંસ્થાઓને એક મંચ પર લાવવાની જરૂરિયાત અંગે હાજર રહેલી તમામ સંસ્થાઓએ સહમતી જણાવી અને આવતા મહિને મળવાની બેઠકમાં સંગઠનનું નામ, હેતુ અને તેના નીતિ-નિયમો નક્કી કરવાની સહમતી સાથે બેઠક પૂર્ણ થઈ હતી.

### સમર કેમ્પ - ૨૦૧૯ :-

કપડવંજની કોઈપણ ઉંમરની વ્યક્તિ / વિદ્યાર્થી નીચેનામાંથી કોઈપણ વિષયમાં રસ ધરાવનાર સમર કેમ્પનો લાભ લઈ શકે છે.

**સાંસ્કૃતિક કેન્દ્ર - (તા. ૧૨-૪-૨૦૧૯ થી તા. ૧૨-૫-૨૦૧૯)**

**સંગીત :-** **વોકલ, હાર્મોનિયમ, ઓર્ગન, ઓક્ટોપેડ, ગીટાર.**

**ડાન્સ :-** **ક્લાસીકલ, ફોક ડાન્સ, બોલીવુડ.**

**ડ્રોઈંગ :-** **આર્ટ એન્ડ ક્રાફ્ટ, ડ્રોઈંગ એન્ડ કલરીંગ પેપર ફોલ્ડીંગ, કોલાઝ વર્ક, કેનવાસ પેઈન્ટીંગ, કલે આર્ટ, પોટ મેકીંગ.**

**સ્થળ :-** **શ્રી શંકરલાલ હરજીવનદાસ સાંસ્કૃતિક કેન્દ્ર**
**કપડવણજ કેળવણી મંડળ કેમ્પસ, ડાકોર રોડ, કપડવંજ.**

**સ્પોર્ટ્સ સમર કેમ્પ :- તા. ૨૦-૪-૨૦૧૯ થી તા. ૮-૫-૨૦૧૯**

- **બેડમિન્ટન**
- **ટેબલ ટેનિસ**
- **ક્રિકેટ**
- **વોલીબોલ**
- **બાસ્કેટબોલ**
- **સ્કેટીંગ**
- **કરાટે**
- **ટેકવેન્ડો**
- **ચેસ**
- **ફુટબોલ**

**સ્થળ : કપડવણજ કેળવણી મંડળ, ડાકોર રોડ, કપડવંજ.**

## મંતવ્ય

શ્રી માણેકલાલ દેસાઈ કિશોર મંદિરની વિદ્યાર્થીની તરીકે શાળા વિષેની પ્રવૃત્તિઓ અને ૫૦ વર્ષની ઉજવણી વિશે વાંચી મને ખૂબ ગર્વની લાગણી થઈ. તેની સાથે અમે પણ શાળામાં ઉજવેલ સ્પોર્ટ્સ ડે, એન્યુઅલ ડે, વિજ્ઞાન મેળાની યાદો તાજી થઈ. આની સાથે એ પણ અહેસાસ થયો કે આ બધી ઉજવણીની અમારા વિકાસ પર ઊંડી અસર થયેલી. મંડળમાં બાળકોના વિકાસને ખૂબ મહત્ત્વ આપવામાં આવે છે જે નોંધપાત્ર અને પ્રશંસનીય છે. બાળકોનો વિકાસ આ રીતે જ થતો રહે તેવી હું સમગ્ર મંડળને શુભેચ્છા પાઠવું છું.

- શ્રી વિધિ ગાંધી

(શ્રી માણેકલાલ દેસાઈ કિશોર મંદિરની ભૂતપૂર્વ વિદ્યાર્થિની)

**ગત મહિનાનું મુખપત્ર આપને મળ્યું હશે. મુખપત્ર સંદર્ભે આપના પ્રતિભાવો આવકાર્ય છે. આપના પ્રતિભાવો આપ નીચે જણાવેલ સરનામે / E-mail થી મોકલી શકો છો.**


## કપડવણજ કેળવણી મંડળ

**ડાકોર રોડ, કપડવંજ - ૩૮૭૬૨૦ (ફોન : ૦૨૬૯૧-૨૬૨૦૨૬-૨૫૪૭૬૭)**

**E-mail : newsletter@kkmtrust.org**